# સાદરા ગામનો ગાંધી ખાદી ગ્રામઉદ્યોગ આત્મનિર્ભર ભારતનું અનોખું ઉદાહરણ

ચિલોડા, તા. ૨૨

બા-બાપુ ૧૫૦ અને ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ઉજવણી પ્રસંગે મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ - સાદરાના બી.એ. અનો એમ.એ. વિદ્યાશાખાના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના માર્ગદર્શન હેઠળ ગાંધી ખાદી ગ્રામ ઉદ્યોગની કામગીરી ચાલી રહી છે. જે આત્મનિર્ભર ભારત બનાવવા માટેનં અનોખું ઉદાહરણ છે. સંકુલમાં અભ્યાસ કર્તા બધા જ વિદ્યાર્થીઓને વર્ગખંડ અભ્યાસ બાદ કે પહેલાં સવાર-સાંજ દરરોજ વારાફરતી ગાંધી ખાદી ઉદ્યોગમાં પૂણીમાંથી ૧૦૦૦ તારનું કાંતણ કરાવી તારની આંટી બનાવી, ખાંટી ખોલી ત્રણતાર ભેગા કરાવી કાપજ વણાટ માટે સૂતરની કોકડી ભરાવી, વણાટ માટેનો વાણો તૈયાર કરાવવામાં આવે છે.

બીજી બાજુ પેડલ લૂમમાં સૂતરના તારનો તાણો તૈયાર કરાવી તાણો અને વાણો ભેગા કરાવી વણાટ કરાવી શુદ્ધ ખાદીનું કાપડ બનાવવામાં આવી રહ્યું છે. ભણતર સાથે ચણતરની આ તાલીમ દ્વારા વર્ષ દરમિયાન ૪૦૦ મીટર ખાદીનું કાપડ તૈયાર કરે છે. જેનું મૂલ્ય રૂપિયા ૬૦,૦૦૦ થાય છે. પ્રત્યેક વર્ષે સત્ર-૪ના તમામ વિદ્યાર્થીઓને ચાર મીટર ખાદીનું કાપડ વિનામૂલ્યે આપવામાં આવે છે. જેનો ઉપયોગ ખાદીના કાપડનો લેંઘો - ઝભ્ભો બનાવી ખાદી પરિધાન કરે છે. જે સંકુલના ગણવેશ તરીકે ગણાય છે. ભણતર સાથે ચણતર અને સ્વાવલંબી બનવાનું બુનિયાદી કહો કે નઈ તાલીમનું શિક્ષણ સાદરા ગામના ગાંધી ખાદી ગ્રામઉદ્યોગએ આત્મનિર્ભર ભારત બનાવવા માટેનું અનોખું ઉદાહરણ છે. હિંમતભાઈ વાણીયા અનો વસંતબહેન વાણીયાની જોડી ગાંધી ખાદી ગ્રામ ઉદ્યોગની કામગીરી ખંત અને નિષ્ઠાપૂર્વક ઉત્સાહભેર કરી રહ્યાં છે. ગૂજરાત વિદ્યાપીઠના વિસ્તરણ નિયામક ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી ગાંધી ખાદી ગ્રામઉદ્યોગના વિકાસમાં સતત પ્રેરણા આપવાનું કામ કરી રહ્યા છે.





## સાદરામાં 'ગંદકી મુક્ત ભારત સપ્તાહ' અંતર્ગત

# ચિત્રલેખન, સૂત્રલેખન અને નિબંધ સ્પર્ધાનું આયોજન

ચિલોડા, તા. ૨૨

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવકો માટે ચિત્ર લેખન, સૂત્ર લેખન અને નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ ગંદકી મુક્ત ભારત સપ્તાહ અંતર્ગત કરવામાં આવ્યું છે.

ભારત સરકારની એન.એસ.એસ. વિભાગ, ખેલ અને યૂથ કલ્યાણ પ્રવૃત્તિ મંત્રાલયના નેજા હેઠણ અને તેમની ગાઈડ લાઈન પ્રમાણે આ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવકોએ મોટા પ્રમાણમાં ભાગ લીધું હતું અને તેમના અંદર પડેલી સુષુપ્ત શક્તિઓને વિવિધ પ્રકારથી સ્પર્ધાઓના રૂપમાં વ્યક્ત કર્યું હતું અને આ સ્પર્ધાઓમાં ગૌરવ બાલ્યન નિબંધ સ્પર્ધામાં વિજેતા બન્યા હતા અને રિદ્ધિ સોલંકી અને દયાલી કુંવર સંયુક્ત રીતે સૂત્ર લેખન સ્પર્ધામાં વિજેતા બની હતી અને મિનહાજ મન્સૂરી અને એલિસ ક્રિશ્ચિયન પણ ચિત્ર લેખન સ્પર્ધામાં સંયુક્ત રીતે વિજેતા બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું.

આ વિવિધ પ્રકારની સમાજ જાગૃત્તિની પ્રવૃત્તિઓથી ગુજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગના રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિધાર્થીઓનું સર્વાગીણ વિકાસ કરવામાં આવે છે જેમાં મુખ્ય ભૂમિકા ડીન ડો. પ્રભુલાલ કાસુન્દ્રા અને પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ અને ડૉ. અરવિંદ ભાઈ રામીની રહે છે આ પ્રવૃત્તિનું સંપૂર્ણ આયોજન અને સંચાલન ડીનશ્રી ડો. પ્રભુલાલ કાસુન્દ્રા અને પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ અને ડૉ. અરવિંદ ભાઈ રામીના નેતૃત્વમાં કરવામાં આવી છે







# એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલમાં ઓનલાઈન વિજ્ઞાન વિષયનું મહત્ત્વ સમજાવાયું

ગાંધીનગર, તા. ૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઓનલાઈન શિક્ષકની સાથે સાથે વિદ્યાર્થીઓની બહેનો માટે સહ અભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. જેમાં ધોરણ-૬ની વિદ્યાર્થીની બહેનોએ વિજ્ઞાન વિષય આધારિત ફણગાવેલા કઠોળ તથા તેનું મહત્ત્વને લગતી પ્રવૃત્તિ મદદનીશ શિક્ષિકા પૂર્વીબેન નાયકના માર્ગદર્શન હેઠળ કરી હતી.

વિદ્યાર્થીની બહેનોએ પ્રવૃત્તિને લગતા વીડિયો બનાવી શાળામાં મોકલ્યા હતા તથા સાથે સાથે વાલીઓનો સહકાર મળ્યો હતો તે બદલ આચાર્યાએ તમામ વિદ્યાર્થીની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.





ઈકો ફ્રેન્ડલી ગણપતિ - શહેરના સેકટર-૬બીમાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વ્યોમ તેજેન્દ્રકુમાર પટેલ (ધોરણ-૧) અને દિયા તેજેન્દ્રકુમાર માટીમાંથી ગણપતિ બનાવી સર્જનાત્મકતાની પ્રતીતિ કરાવી હતી.

# સીએમ રૂપાણીનો નવતર પ્રયોગ : ગણેશ ચતુર્થીનાં દિવસે 'પૌધામાં પરમાત્મા'ની કરી સ્થાપના

ગાંધીનગર, તા. ૨૨

ગણેશ ચતૃથિ નો આ ઉત્સવ ગુજરાત માં ઉમંગ ઉલ્લાસ થી સૌ મનાવે છે

ખાસ કરીને વડોદરા સુરત વલસાડ વગેરે સ્થળો એ ધામ ધુમ પૂર્વક વિઘ્ન હર્તા ગણેશજી નો ઉત્સવ મોટા પાયે ઉજવાય છે.

આ વર્ષે કોરોના સંક્રમણને કારણે સાર્વજનિક ગણેશ ઉત્સવ ને બદલે લોકો સ્વયંભૂ પોતાના ઘર માં રહીને જ આ દુંદાળા દેવની આરાધના પૂજા કરે તેવી મુખ્ય મંત્રી એ સૌને અપીલ પણ કરેલી છે

મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણી એ પણ પોતાના નિવાસસ્થાને અભિનવ વિચાર સાથે ગણેશ સ્થાપન કર્યું છે

પ્લાન એ પ્લાન્ટ વિથ ગણેશ નો એક નવતર અભિગમ તેમણે આ ગણેશ સ્થાપન માં અપનાવ્યો છે.





આ નવતર અભિનવ વિચારમાં મુખ્ય મંત્રીએ પૌધા માં પરમાત્માની ભાવના સાથે સૌને પર્યાવરણ જતન સંવર્ધન માટે મોટા પાયે વૃક્ષો વાવવા આ અવસરે આગ્રહ ભરી અપિલ પણ કરી છે

# રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા સ્વતંત્રતા દિવસની અનોખી ઉજવણી



ગાંધીનગર, તા. ૨૨

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી કૈલાસધામ, પેથાપુર ખાતે વડીલો વચ્ચે રહી કરવામાં આવી જેમાં KOVID-19 ના નિયમોનું પાલન કરતાં મર્યાદિત સંખ્યામાં કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું આયોજન રોટરી પ્રમુખ રોટે. કુલદીપ જૈન, સેક્રેટરી નિતિન પાદરીયા, કલબ ટ્રેનર રોટે. કિરણ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં પૂર્વ પ્રમુખ રોટે. ધર્મેન્દ્ર પટેલ, રોટે. ઊર્મિલ વેદ, રોટે. જીતેન્દ્ર પટેલ અને રોટે. ભારત જૈન ઉપસ્થિત રહી રોટરી કલબ ગાંધીનગર વતી ગરમા ગરમ ઉકાળો, આયુર્વેદિક અને હોમિયોપેથિક રોગપ્રતિકાર શક્તિ વધારતી દવાઓ અને જરૂરી કરિયાણાની વસ્તુ આપી ખુશી વહેચવાનો પ્રયાસ કરાયો હતો. સમગ્ર કાર્યક્રમમાં રોટે. દિનેશસિંહ ચાવડા, રોટે.ડો.જગદીશ પટેલ, રોટે. કમલ જૈન, રોટે. રાહુલ મેહતા, રોટે. બાબા હરસોલિયા, રોટે. ડો. આર.એ.શેરસિયા દ્વારા આર્થિક સહયોગ મળ્યો હતો.

# ઈન્દિરા ગાંધી તાલીમભવન ખાતે રાજીવ ગાંધી જન્મજયંતિ નિમિત્તે વૃક્ષારોપણ





ગાંધીનગર, તા. ૨૨

પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાધીની ૭૬મી જન્મજયંતિ નિમિત્તે ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખ જિતેન્દ્રસિંહ સોલંકી દ્વારા ઈન્દિરા તાલીમ ભવન સેકટર-૧૭ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ ઉપરાંત જિલ્લા કોંગ્રેસ દ્વારા જિલ્લાના ૪ તાલુકાઓમાં ઠેર ઠેર વૃક્ષારોપણ તથા પુષ્પાંજલિ સહિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

# આઈઆઈટી ગાંધીનગર અને સીબીએસઈએ ૩૦-૩૦ સ્ટેમ કાર્યક્રમ આરંભાયો

## શિક્ષકો અને વિદ્યાર્થીઓએ રોજિંદા જીવનમાં છુપાયેલા વિજ્ઞાન અને ગણિતના રહસ્યોને ઉત્સાહથી ઉકેલ્યા

ગાંધીનગર, તા. ૨૨

ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગરે (આઈઆઈટી ગાંધીનગર)ના સેન્ટર ફોર ક્રિએટિવ લર્નિંગે (સીસીએલ), સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) અને ઈન્ડિયન ઓનલાઈન લાઈવ સત્રોનો સમૂહ હશે જે આપણી આજુબાજુ રહેલા પાઠયક્રમને લગતા આનંદને યુનિક કન્ટેન્ટ સાથે સામે લાવશે.

આ પ્રોગ્રામનો હેતુ શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ અને તેમના માતાપિતાને એક ઓનલાઈન પ્લેટફોર્મ આપવાનો છે, જે જેમાં પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનું અંતર, ગુણોત્તર અને પ્રમાણ, સમાન ત્રિકોણ, લંબાઈ અને વોલ્યુમ, અષ્ટકોણ જેવા વિષયોને સાદા ૬૪ કાગળનો ઉપયોગ કરીને સર્જનાત્મક રીતે સમજાવવામાં આવ્યા હતા. શિક્ષકો, વિદ્યાર્થીઓ અને દેશભરના અન્ય ઘણા અમને ગણિતનું ઊંડાણ યાદ અપાવવા બદલ આભાર કે જે ભૂલાઈ ગયું હતું. મને ખરેખર આ સામગ્રીની જરૂર હતી જે તમે બનાવવા માટે ખૂબ મહેનત કરી છે. આ માનસિક ઉન્નતિ માટે આભાર.'

અન્ય એક શાળાના હેડ,




ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, પુણે (આઈઆઈએસઈઆર પૂણે) સાથે મળીને, '૩૦-૩૦ STEM' પ્રોગ્રામ લોન્ચ કર્યો છે, જે ગણિત અને વિજ્ઞાનની મૂળભૂત કન્સેપ્ચ્યુયલ સમજણ અને વિવેચનાત્મક વિચારસરણી પર કેન્દ્રિત ઓનલાઈન શિક્ષણ પ્રોગ્રામ છે. '૩૦-૩૦ સ્ટેમ' એ દર રવિવારે ૩૦ અઠવાડિયા માટે ૩૦ રોજિંદા જીવનમાંથી અજાયબીની ભાવના ઉભી કરવા વિષયની મર્યાદાઓને તોડીને STEM (સાયન્સ, ટેકનોલોજી, એંજીન્યરિંગ એન્ડ મેથ)ને વધુ આકર્ષક બનાવે.

એક કલાકનું પ્રથમ લાઈવ સેશન ૧૬ ઓગસ્ટ, ૨૦૨૦ ના રોજ સાંજે ૪ થી ૫ વાગ્યે, 'એડવેન્ચર્સ ઓફ એ૪ પેપર' ની થીમ પર રાખવામાં આવ્યું હતું, લોકોએ આ સત્રમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેને એક જ દિવસમાં આશરે ૧,૨૦,૦૦૦ લાઈવ વ્યૂ અને ૧,૫૦,૦૦૦થી વધુ વ્યૂઝ મળ્યા હતા.

પોતાનો પ્રતિભાવ શેર કરતાં ભાગ લેનારા શિક્ષકોમાંના એક, હેમંતે કામેન્ટમાં લખ્યું, ''આ સત્ર આંખ ખોલી નાંખનાર હતું. અનુકૂળતાથી શિક્ષણ આપવાની રીત મનમાં ગોઠવાઈ ગઈ હતી. સુશ્રી સુવર્ણા કુપ્પાએ કહ્યું, ''એપિસોડ ૧ થી અમારી જીજ્ઞાસા વધી ગઈ છે. મારા શિક્ષકોએ ઓનલાઈન સત્રો દરમિયાન વિદ્યાર્થીઓ સાથે કેટલાક ઈનપુટ્સ શેર કર્યા હતા અને અમે જોયું કે વિદ્યાર્થીઓની ભાગીદારીનો દર ખૂબ વધી ગયો. 'ફેફસાની ક્ષમતા જાણવા' પરના એપિસોડ ૨ ની અમે આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ.''

## ડાયરેક્ટ ❤ સે

ઘડિયાળના કાંટા એના નિયમ પ્રમાણે ચાલે છે એટલે સૌ એની પર વિશ્વાસ કરે છે...

તમે પણ નિયમ પ્રમાણે ચાલો... લોકો તમારી ઉપર પણ વિશ્વાસ કરશે...

## જન્મદિને વધામણી



ગિરીશભાઈ કે શાહ
મો. ૭૭૭૯૦ ૧૭૫૫૯



દર્શના કમલેશ બેંકર
મો. ૯૯૧૩૧ ૪૩૯૦૦



દેવાંશ કલ્પેશ બાલપાંડે



સોનમ મુકેશ પરમાર



શ્રીજા ચેતન ભુવા



જયપાલસિંહ રાણા
મો. ૬૩૫૩૦ ૦૨૫૦૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## સચેત રહો સુરક્ષિત રહો